# વડોદરા મહાનગર સેવા સદન, વડોદરા.

## સીધી ભરતી માટેની જાહેરાત
## (જાહેરાત ક્રમાંકઃ૬૨૬/૨૦૧૫-૧૬)

| ક્રમ | જગ્યાનું નામ | જગ્યાની સંખ્યા | કેટેગરી | કુલ જગ્યાઓ પૈકી |
|---|---|---|---|---|
| ૧ | જુનીયર કલાર્ક | ૧૪૬ | અ.જ.જા.-૨૮<br>સા.શૈ.પ.વ.-૮૪<br>સામાન્ય-૩૪ | શા.ખો.ખાં -૦૩<br>માજી સૈનિક-૧૪ |

1. **શૈક્ષણિક લાયકાત અને અનુભવઃ**
    1. સામાન્ય જાતી તથા બક્ષીપંચના ઉમેદવારો માટે માન્ય યુનિવર્સીટીની કોઇપણ વિદ્યા શાખાના સેકન્ડ કલાસ સાથેના સ્નાતક હોવા જરૂરી છે.
    2. અનુસુચિત જાતિ તથા અનુસુચિત જન જાતિના તથા શારીરિક ખોડખાંપણવાળા તથા એકસ સર્વિસમેન માટે સ્નાતક(પાસ) લાયકાત જરૂરી છે.
    3. કોમ્પ્યુટરમાં તાલીમ લીધેલ ઉમેદવારને પ્રાધાન્ય આપવામાં આવશે.
2. **પગાર ધોરણઃ**
    1. પાંચ વર્ષ માટે રૂ.૭,૮૦૦/- માસિક ફિકસ વેતન.
    2. સરકારશ્રીના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંકઃખરચ/૨૦૦૨/૫૭ ઝ-૧, તા.૧૬-૦૨-૦૬ અન્વયે માસિક ફિકસ વેતનથી પાંચ વર્ષ સુધી અજમાયશી નિમણુંકને પાત્ર થશે. ત્યારબાદ કામગીરી સંતોષકારક રીતે પૂર્ણ કર્યેથી નિયત પગાર ધોરણ રૂ.૫૨૦૦/- થી રૂ.૨૦૨૦૦/- (ગ્રેડ પે-૧૯૦૦) થી નિયમોનુસાર સમાવવા અંગે વિચારણા કરવામાં આવશે.
3. **ઉંમરઃ**
    1. ઉમેદવારની ઉંમર ૧૮ થી ઓછી નહી તથા ૩૫ વર્ષથી વધુ ન હોવી જોઇએ.
    2. અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિ તથા બક્ષીપંચના ઉમેદવારો માટે ૧૮ વર્ષથી ઓછી નહી અને ૪૦ વર્ષથી વધુ નહી.
    3. શારીરિક ખોડખાંપણવાળા ઉમેદવારોની ઉંમર ૧૮ વર્ષથી ઓછી નહી અને ૪૫ વર્ષથી વધુ હોવી જોઇએ નહી. શારીરીક ખોડ ખાંપણવાળા ઉમેદવારોની જગ્યાઓ જે તે કેટેગરી સામે સરભર કરાશે.

4. **માજી સૈનિકઃ** માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ જળ, વાયુ, અને આમ ફોર્સીસમાં સેવા કરી હોય અને છ માસ થી ઓછી નહી તેટલી ફરજ બજાવેલ હોઇ તેવા અને ફરજ માંથી નિયમિત રીતે નિવૃત્ત થયા હોય તેમજ માજી સૈનિક તરીકે નું સક્ષમ અધિકારી નું ઓળખ કાર્ડ/પ્રમાણપત્ર અને ડિસ્ચાર્જ બુક ધરાવતા હોય તો મળવા પાત્ર ઉપલી વય મર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ત્રણ (૩) સુધીની છૂટછાટ મળશે. માજી સૈનિક માટે નિયમોનુસાર અનામત રાખેલ જગ્યા જે તે કેટેગરી સામે સરભર કરાશે. જો લાયક માજી સૈનિક ઉપલબ્ધ નહી થાય તો તે જગ્યા અન્ય લાયક ઉમેદવારોથી ભરવામાં આવશે.

## જાહેરાતની સામાન્ય જોગવાઈઓ:

1. ઉપર જણાવેલ જગ્યા માટે ઉમેદવારી કરતાં પહેલાં ઉમેદવારે પોતે જરૂરી પાત્રતા ધરાવે છે કે નહીં તેની ખાત્રી કરવી.
2. રસ ધરાવતા ઉમેદવારોએ તા.૦૬-૧૦-૨૦૧૫ (૧૧-૦૦ કલાક) થી તા.૨૦-૧૦-૨૦૧૫ (૨૩-૫૯ કલાક) દરમ્યાન www.vmc.gov.in વેબસાઇટ પર ઓનલાઇન અરજી કરવાની રહેશે. ઓનલાઇન અરજી કરતાં પહેલા ભરતીને લગતી માહિતી તેમજ સુચનાઓ www.vmc.gov.in ઉપરથી વાંચી લેવાની રહેશે.
3. **પગાર ધોરણ:** સરકારશ્રીના નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક:ખરચ/૨૦૦૨/૫૭૭-૧, તા.૧૬-૦૨-૦૬ અન્વયે માસિક ફિક્સ વેતનથી પાંચ વર્ષ સુધી અજમાયશી નિમણુંકને પાત્ર થશે. ત્યારબાદ કામગીરી સંતોષકારક રીતે પૂર્ણ કર્યેથી નિયત પગાર ધોરણથી નિયમોનુસાર સમાવવા અંગે વિચારણા કરવામાં આવશે.
4. **અનામત:**
   1. ગુજરાત સરકારશ્રી દ્વારા માન્ય કરેલ હોય તેવા અનુ.જાતિ, અનુ.જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોને જ અનામતનો લાભ મળવાપાત્ર રહેશે આ અંગે ગુજરાત રાજયના સક્ષમ અધિકારીશ્રી દ્વારા ઇશ્યુ કરાયેલ જાતિ અંગેનું પ્રમાણપત્ર જ માન્ય રહેશે.
   2. માજી સૈનિક માટે કુલ ભરવાપાત્ર જગ્યાઓના ૧૦ ટકા મુજબ જગ્યાઓ અનામત છે. જે જેતે કેટેગરી સામે સરભર કરાશે. માજી સૈનિક માટેની અનામત જગ્યા માટે જો લાયક માજી સૈનિક ના ઉમેદવારો ઉપલબ્ધ ન થાય તો તે જગ્યાઓ જે તે કેટેગરીના અન્ય લાયક ઉમેદવારથી ભરવામાં આવશે.
   3. ૪૦ ટકાથી ૭૪ ટકા સુધી શારીરિક ખોડખાપંણવાળા ઉમેદવારોની નિમણુંક ઉપરોકત જગ્યાઓમાં સરકારશ્રીના નિયમોનુસાર ૩ ટકા લેખે રાખવામાં આવશે. કાર્યમાં ઉમેદવારની વિકલાંગતા ન નડે તે ધ્યાને લઇને સૌથી લાયક વિકલાંગ ઉમેદવારની પસંદગી કરવામાં આવશે. જો લાયક શારીરિક ખોડખાપંણ વાળા ઉમેદવારો ઉપલબ્ધ ન થાય તો તે જગ્યાઓ જે તે કેટેગરીના અન્ય લાયક ઉમેદવારથી ભરવામાં આવશે.
   4. ઉમેદવાર ખોડ ખાંપણની નિયત અપંગતા ધરાવતા હોવાનું સિવિલ સર્જનનું સર્ટીફીકેટ ધરાવતા હશે તો જ વિકલાંગ ઉમેદવાર તરીકે ઉપલી વયમર્યાદામાં અને અનામતનો લાભ મળશે. શારિરીક અશકતતા અંગે સામાન્ય વહીવટ વિભાગના તા.૧-૧૨-૨૦૦૮ ના પરિપત્ર ક્રમાંક: પ્રચ-૧૦૨૦૦૮-૪૬૯૫૪૦-ગ-૨ઇ થી નિયત થયેલ નમુનમાં સરકારી હોસ્પીટલના સુપ્રિટેન્ડન્ટ/સિવિલ સર્જન/મેડીકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે.

5. **વયમર્યાદાઃ** અરજી સ્વીકારવાની છેલ્લી તારીખને ધ્યાને લઇને ઉંમર ગણવામાં આવશે.

6. **વયમર્યાદામાં છુટછાટઃ**

એ. ગુજરાત સરકારશ્રી દ્વારા માન્ય કરેલ હોય તેવા અનુ.જાતિ, અનુ.જનજાતિ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત ઉમેદવારોના કિસ્સામાં ઉપલી વયમર્યાદામાં નિયમોનુસાર ૦૫ (પાંચ) વર્ષની છુટછાટ આપવામાં આવશે. અનામત વર્ગોના ઉમેદવારો જો બીન અનામત જગ્યા માટે અરજી કરશે તો આવા ઉમેદવારોને વયમર્યાદામાં છુટછાટ મળવાપાત્ર રહેશે નહી.

બી. ૪૦% કે તેથી વધુ અપંગતા ધરાવતાં ઉમેદવારોને તેઓની કેટેગરી અનુસાર મળવાપાત્ર ઉપલી વય મર્યાદામાં ૧૦ વર્ષની વધારાની છુટછાટ મળશે.

સી. તમામ કેટેગરીના ઉમેદવારોને (માજી સૈનિક સિવાય) ઉપલી વય મર્યાદામાં નિયમાનુસાર મળવા પાત્ર છૂટછાટ સાથેની ઉંમર કોઇપણ સંજોગોમાં નિયત તારીખે ૪૫ વર્ષથી વધવી જોઇએ નહી.

ડી. વડોદરા મહાનગર સેવા સદનના કર્મચારીને ઉપલી વય મર્યાદામાં ઉંમરનો બાધ રહેશે નહી. તેઓએ પણ ઓનલાઇન અરજી કરવાની રહેશે.

7. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૦૯–૦૨–૧૯૯૬ ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ–ક ના નમુનામાં નાણાંકીય વર્ષ–૨૦૧૪–૨૦૧૫ નું તા.૦૧–૦૪–૨૦૧૫ પછીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

8. ગુજરાત સરકારના સરકારી/અર્ધ–સરકારી/સરકાર હસ્તકના કોર્પોરેશન/કંપનીઓમાં સેવા બજાવતાં અધિકારી/કર્મચારીઓએ પણ ઓનલાઇન અરજી કરવાની રહેશે. તેમજ પ્રમાણપત્રોની પ્રત્યક્ષ ચકાસણી વખતે ઉમેદવારે સક્ષમ અધિકારીનું ના–વાંધા પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

9. ઉમેદવારે નિયત અરજી પત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ કચેરી દ્વારા માંગવામાં આવે ત્યારે અસલમાં રજુ કરવાના રહેશે અન્યથા અરજીપત્રક જે તે તબકકે રદ ગણવામાં આવશે.

10. ઉમેદવારે અરજીમાં દર્શાવેલ કેટેગરીમાં પાછળથી કેટેગરી બદલવાની રજુઆત ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.

11. ઉમેદવારે સરકાર માન્ય સંસ્થામાંથી જગ્યાને અનુરૂપ CCC લેવલ નો કોમ્પ્યુટર કોર્ષ અવશ્ય પાસ કરેલ હોવો જોઇએ અથવા નિમણુંક થયા તારીખથી ૦૬ માસ સુધીમાં સદર કોર્ષ પાસ કરવાનો રહેશે.

12. **અરજી ફી સ્વીકારવા/જમા કરાવવા અંગેઃ**

એ. જનરલ કેટેગરીના ઉમેદવારોએ નજીકની કોઇપણ બેંક ઓફ બરોડા ની શાખામાં અરજી ફી પેટે રૂ.૨૦૦/- + બેન્ક ચાર્જીસ ભરવાના રહેશે.

બી. અ.જા., અ.જ.જા. અને સા.શૈ.પ.વ. કક્ષાના ઉમેદવારોએ નજીકની કોઇપણ બેંક ઓફ બરોડા ની શાખામાં અરજી ફી પેટે રૂ.૧૦૦/- + બેન્ક ચાર્જીસ ભરવાના રહેશે.

સી. ઉમેદવાર જયારે **VMSS** વેબસાઇટ પર પોતાની અરજી સબમીટ કરે ત્યારે તેઓને અરજી ફી ભરવા માટે ઓનલાઇન ઉપલબ્ધ ચલણની ૩ નકલોની એક પાના ઉપર પ્રિન્ટ સુચના મળશે. ઉમેદવારોએ આ પાનાની પ્રિન્ટ મેળવી લઇ ચલણ સાથે કોઇ પણ બેંક ઓફ બરોડા ની શાખામાં ફીની રકમ રોકડેથી ભરવાની રહેશે. ચલણની એક નકલ બેંક રાખી લેશે અને બે નકલ ઉમેદવારને પરત આપશે. આ નકલ ઉમેદવારે સાચવી રાખવાની રહેશે અને પરીક્ષા/મૌખિક ઇન્ટરવ્યુ સમયે કોલલેટર સાથે અચૂક લાવવાની રહેશે.

ડી. જો ઉમેદવાર ફી ભર્યાની નકલ સાથે નહી લાવે તો તેવા ઉમેદવારોને પરીક્ષા/મૌખિક ઇન્ટરવ્યુ માં પ્રવેશ આપવામાં આવશે નહી.

ઇ. અન્ય કોઇ રીતે ફી સ્વીકારવામાં આવશે નહી.

એફ. બેંક ઓફ બરોડા ની શાખામાં અરજી ફી ભરવાની છેલ્લી તારીખ.૨૬-૧૦-૨૦૧૫ રહેશે. (નાંણાકીય કામકાજના સમય દરમ્યાન)

જી. ફી ભર્યા બાદ કોઇ પણ સંજોગોમાં પરત મળવાપાત્ર નથી.

13. ભરતી પ્રક્રિયા દરમ્યાન કોઇ ઉમેદવાર રાજકીય કે અન્ય કોઇ રીતે ભલામણના પ્રયાસ કરનાર ઉમેદવાર ગેરલાયક ઠરશે.

14. ઉમેદવારે અરજી પત્રકમાં કોઇ પણ વિગત ખોટી બતાવેલ હશે અને તે ધ્યાનમાં આવશે તો તેનું અરજીપત્રક/નિમણુંક કોઇ પણ તબકકે રદ કરવામાં આવશે.

15. ઉમેદવારોની અરજીની સંખ્યાને ધ્યાને લઇ ભરતી પ્રક્રિયા બાબતે સક્ષમ અધિકારી દ્વારા શોર્ટ લીસ્ટેડ થયેલ ઉમેદવારોને જ ફકત પ્રથમ તબકકે પ્રમાણપત્રોની પ્રત્યક્ષ ચકાસણી માટે બોલાવવામાં આવશે. આ બાબતે કોઇ કોર્ટ, દાવા, તકરાર ચાલશે નહી.

16. આ જાહેરાત અન્વયેની ભરતી અંગે લેખિત પરિક્ષા/મૌખિક ઇન્ટરવ્યુ બાબતે વડોદરા મહાનગર સેવા સદનના સક્ષમ અધિકારીશ્રી દ્વારા નિર્ણય કરવામાં આવશે.

17. પ્રમાણપત્રોની પ્રત્યક્ષ ચકાસણી/લેખિત/મૈખિક કસોટી માટે બોલાવવામાં આવતા ઉમેદવારોને કોઈપણ જાતનું મુસાફરી ભથ્થુ મળવાને પાત્ર નથી.

18. આ જાહેરાત કોઇ પણ કારણસર રદ કરવાની કે તેમાં ફેરફાર કરવાની આવશ્યકતા ઉભી થશે તો તેમ કરવાનો સંપૂર્ણ હક/અધિકાર મ્યુનિસિપલ કમિશ્નર, વડોદરા ને રહેશે.

19. ઉમેદવારને ઓનલાઇન અરજી કર્યા બાદ જાહેરાત સંબંધી અન્ય કોઇ સુચના માટે www.vmc.gov.in વેબસાઇટ સતત જોતા રહેવા અનુરોધ છે.

**તા.૦૩–૧૦–૨૦૧૫.**

**મ્યુનિ.કમિશ્નર**
**વડોદરા મહાનગર સેવા સદન**